# અંગ્રેજી ભાષાના મેળા

"આદિજાતિ વિકાસ વિભાગ" ગુજરાત સરકારના સહયોગ થી ઉન્નતિ વિકાસ શિક્ષણ સંગઠન દ્વારા અમલી ઈ.એલ.ઈ (English Language Enthancement) પ્રોગ્રામ અંર્તગત ભાગ લેનાર 202 શાળાઓ માટે 9(નવ) અંગ્રેજી શિક્ષણ મેળાનું આયોજન કરવામાં આવશે. જેની વિગતો નીચે મુજબ છે.

1. સ્થળઃ આ 202 શાળાઓને 9 સમૂહમાં વહેંચવામાં આવ્યા છે. દરેક સમૂહ માટે એક મેળો યોજવામાં આવશે. જે શાળામાં મેળાઓ યોજાશે તેની યાદી આ સાથે સામેલ છે.

2. દરેક મેળા દીઠ શાળાની સંખ્યાઃ દરેક મેળામાં કુલ 22 થી 24 શાળાઓ ભાગ લેશે.

3. શાળા દીઠ વિદ્યાર્થીઓની સંખ્યાઃ દરેક અંગ્રેજી શિક્ષક અથવા અંગ્રેજી ભણાવતા હોય તેવી શિક્ષક પોતાની શાળાના ધોરણ-9 ના દસ વિદ્યાર્થીઓ તેમની સાથે લાવશે કે જેઓ સ્ટોલની વ્યવસ્થા સંભાળશે અને સ્ટેજ પરફોર્મન્સ પણ કરશે. બધાજ પ્રકારના વિદ્યાર્થીઓને સામેલ કરવા. જેથી કરીને એવા વિદ્યાર્થીઓને સામેલ કરી શકાય કે જેઓને સામાન્ય રીતે આવી તકો મળતી નથી.

4. દરેક શાળાના શિક્ષકની ભૂમિકાઃ

મેળા માટે જૂથના વિદ્યાર્થીઓ પસંદ કરવા અને તેમને તૈયાર કરવાની જવાબદારી શાળાના અંગ્રેજી શિક્ષક અથવા જે શિક્ષક અંગ્રેજી ભણાવતા હોય તેમની રહેશે. જરૂર જણાય તો અંગ્રેજી શિક્ષક મેળાની વ્યવસ્થા કરવા શાળાના અન્ય એક શિક્ષકને સાથે લાવી શકશે.

મેળા ખાતેની વ્યવસ્થા નીચે મુજબની રહેશે:

મેળામાં પહોંચવાનો સમયઃ 9 (નવ) કલાકે

1. બધી જ શાળાઓને મેળા ખાતે સવારે 10 : 00 થી 10 : 30 કલાકે મેળાની વ્યવસ્થા અંગે દિશાસૂચન (માર્ગદર્શન) આપવામાં આવશે.

2. આ મેળા 2 ભાગમાં વિભાજિત થશે.

(અ) સ્ટોલ અને પ્રદર્શન (સવારે 10:45 થી બપોરે 1 કલાક સુધી)

(બ) વિદ્યાર્થીઓ દ્વારા સ્ટેજ પરફોર્મન્સ (બપોરે 2:30 થી 4:30 કલાક)

3. સવારે પહેલા વિભાગમાં શાળાઓને (અ) અને (બ) એમ બે જૂથમાં વહેંચવામાં આવશે. જેમાંથી (અ) જૂથની આશરે 11 શાળાઓ 1 કલાક (સવારે 10 :45 થી 11:45) સુધી તેમને ફાળવેલ પ્રવૃત્તિ (જે વિદ્યાર્થીઓ તૈયાર કરશે) અનુસાર સ્ટોલ સંભાળશે.

જૂથ (બ)ની આશરે બીજી 11 શાળાઓના વિદ્યાર્થીઓ સ્ટોલની મુલાકાત લેશે અને વાર્તા, કવિતા, રમતો અને ક્વિઝ જેવી પ્રવૃત્તિઓનો આનંદ લેશે દરેક શાળા વધુમા વધુ દસ મિનિટ સુધી એક સ્ટોલ પર રહી શકશે. ત્યારબાદ તેમને આગળના સ્ટોલ પર જવાનું કહેવામાં આવશે.

બીજો અડધો સમય (બપોરે 12 :00 થી 1:00 કલાક), દરમ્યાન જૂથ (બ) સ્ટોલ સંભાળશે અને જૂથ (અ) મુલાકાતીઓ બનશે.

4. ભોજન પછી, (બપોર 2 :30 થી 4 :30) બધી જ શાળાઓ સ્ટેજ પર્ફોર્મન્સ કરશે. દરેક શાળાને સ્ટેજ પરર્ફોમન્સ માટે મહત્તમ 5 મિનિટ આપવામાં આવશે.

સ્ટોલમાં અને સ્ટેજ પરર્ફોમન્સ દરમિયાન શાળા શું કરી શકે તેની યાદી આ સાથે સામેલ છે. જો શાળા દ્વારા કંઈક અલગ કરવાનું નક્કી થયું હોય તો ઉન્નતિ ટીમ અમદાવાદ સાથે આ બાબતે ચર્ચા કરવા વિનંતી.

5. બંને પ્રકારની પ્રવૃત્તિઓનું નિષ્ણાંતો દ્વારા મૂલ્યાંકન કરવામાં આવશે અને ઉત્તમ પ્રદર્શન કરનાર શાળાઓને મેળાના અંતમાં ઈનામ વિતરણ કરવામાં આવશે

તમારી શાળાએ શું કરવું ?

1. શાળા દ્વારા કોઈ એક પ્રવૃત્તિ તૈયાર કરવામાં આવે જે દર 10 મિનિટે બદલાતા નવા મુલાકાતી જૂથ સામે પુનરાવર્તન કરાય અથવા જો તમે ઈચ્છો તો બે કે તેથી વધારે પ્રવૃત્તિઓ (10 મિનિટની જ) તૈયાર કરી શકો જે પ્રેક્ષકના દરેક સમૂહ માટે થઈ શકે.

2. દરેક શાળાએ મહત્તમ 5 મિનિટનું એક પરર્ફોમન્સ (જેમકે, ગીત /નાટક ભૂમિકા/કોયડા વગેરે) તૈયાર કરવાનું રહેશે. શાળાએ તેમની પ્રવૃત્તિ તૈયાર છે કે કેમ તે અંગે ઉન્નતિને અગાઉથી માહિતગાર કરવા જેથી સારી રીતે કાર્યક્રમ થઈ શકે.

અંગ્રેજી મેળાનું સમયપત્રક

| | |
|---|---|
| 9.00 - 9.30 | : રજીસ્ટ્રેશન |
| 9.30 – 10.30 | : નાસ્તો |
| 10.00 –10.30 | : વ્યવસ્થા અંગે ચર્ચા |
| 10.30 –10.45 | : સ્ટોલ તૈયાર કરવા |
| 10.45 –11.45 | : ગ્રુપ (અ) સ્ટોલ સંભાળશે અને ગ્રુપ (બ) મેળાની મુલાકાત લેશે. |
| 11:45 –12.00 | : સમૂહો બદલાશે |
| 12.00 –13.00 | : ગ્રુપ (બ) સ્ટોલ સંભાળશે અને ગ્રુપ (અ) મેળાની મુલાકાત લેશે. |
| 13:00 –14.30 | : ભોજન અને સ્ટેજ પરર્ફોમન્સની તૈયારી |
| 14:30 – 16.15 | : સ્ટેજ પરર્ફોમન્સ (નાટક, કોયડા, ગીત વગેરે) |
| 16.15 – 16.45 | : ઈનામ વિતરણ |

તમારી સ્કૂલ કે જે સ્થળે ભાગ લેશે અને તમારી શાળા દ્વારા જે પ્રવૃત્તિઓ કરવામાં આવશે તે અંગે તમને કેપેસીટી ડેવલોપમેન્ટ વર્કશોપ- 2 (ડિસેમ્બર, 2-7, 2013) દરમ્યાન જણાવવવામાં આવશે.